# <u>મે. જયુડીશયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટ, અંકલેશ્વર.</u>

**ક્રિમીનલ પરચુરણ અરજી નંબર : ૩૩૪/૨૦૨૬**

**ફરીયાદી : સરકારશ્રી**

**વિરૂધ્ધ**

**તહોમતદાર :** ધર્મેશ રાજારામ મોર્યા
રહે. ૧૦૩, બાલાજી જેમ્સ એ વિંગ પાંચમો માળ,ઉલટન ફળિયુ, સેલવાસ

## <u>આરોપીની જામીન અરજી તળે હુકમ :-</u>

૧) સદર કામે હાલની જમીન અરજી વંચાણે લીધી. સદર કામના આરોપીના વિ.વ.શ્રી.તથા એ.પી.પી.શ્રી.ને સાંભળ્યા.

૨) અંકલેશ્વર શહેર એ ડીવી.પો.સ્ટે. ગુ. રજી. નં. ૧૧૧૯૯૦૦૪૨ ૫૦૫૮૭/૨૦૨૫ પ્રોહી એકટ કલમ ૬૫(એ)(ઇ),૧૧૬(બી) મુજબના ગુનામાં આરોપી ધર્મેશ રાજારામ મોર્યા રહે.૧૦૩, બાલાજી જેમ્સ એ વિંગ પાંચમો માળ,ઉલટન ફળિયુ, સેલવાસ નાઓને અત્રેની કોર્ટમાં રજુ કરતા આરોપી ઓ તરફથી જામીન ઉપર મુક્ત થવા માટેની હાલની અરજી કરેલ છે.

૩) આરોપીના વિ.વ.શ્રી.ની એવી દલીલ રહેલ છે કે ,સદર ગુનાના કામે આરોપીએ કહેવાતો કોઇ ગુનો કરેલ નથી તેમને સદર ગુનામાં ખોટી રીતે સંડોવી દીધેલા છે.આરોપીનુ કુટુંબ આરોપી ઉપર આધારિત છે અને જો વધુ લાંબો સમય આરોપી જેલમાં રહે તો તેમના પરીવારને ભુખમરો વેઠવો પડે તેવી પરિસ્થિતિ થાય તેમ છે. આરોપી ક્યાંય નાસીભાગી જાય તેમ નથી.નામદાર કોર્ટ જણાવે તે તમામ શરતોનુ પાલન કરવા આરોપી તૈયાર છે અને કોર્ટમાં ટ્રાયલ દરમ્યાન હાજર રહેવાની ખાત્રી આપે છે. તે સંજોગોમાં આરોપીને જામીન મુક્ત કરવા દલીલો કરેલ છે.

૪) આરોપી સામે આક્ષેપિત ગુનાની ગંભીરતા તેમજ સજાની જોગવાઇ તથા કાયદામાં પ્રસ્થાપિત કરેલ જામીન અંગેના સિધ્ધાંતો લક્ષમાં રાખતા ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

<u>**હુકમ**</u>

અંકલેશ્વર શહેર એ ડીવી.પો.સ્ટે. ગુ. રજી. નં. ૧૧૧૯૯૦૦૪૨૫૦૫૮૭/૨૦૨૫ પ્રોહી એકટ કલમ ૬૫(એ)(ઇ),૧૧૬(બી) મુજબના ગુનામાં આરોપી ધર્મેશ રાજારામ મોર્યા રહે.૧૦૩, બાલાજી જેમ્સ એ વિંગ પાંચમો માળ,ઉલટન ફળિયુ, સેલવાસ નાઓની જામીન અરજી રૂ.૧૫,૦૦૦/–નાજામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા રજુ કર્યેથી નીચેની શરતોને આધિન જામીન મંજુર કરવાનો હુકમ કરવામા આવે છે.

<u>**શરતો**</u> –

૧. આરોપીએ ફરી આવા ગુનામાં સંડોવાવુ નહિ.

૨. આરોપીએ હાલનુ સરનામુ તથા મોબાઈલ નંબર દસ્તાવેજી પુરાવા સાથે અત્રેની કોર્ટમાં તથા તપાસ કરનાર અમલદાર સમક્ષ રજુ કરવા.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ–અંકલેશ્વર
તા.૧૨/૦૩/૨૦૨૬

**(આર.એ. ચૌહાણ)**
જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ.ક.,
અંકલેશ્વર.
કોડ નં. જી.જે.૧૭૪૭